સ્વીકારવા રોમ રોમ સજ્જ થયા! પરંતુ માતાપિતાએ પોતાના પુત્રની નાની વયને લક્ષમાં લઈને અનુમતિ નહિ આપતાં, વૈરાગ્યરંગને વધુ પાકો કરવા, પૂ. શાસનસમ્રાટશ્રીએ પૂ. આચાર્યશ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી પાસે ઉદયપુર મોકલ્યા. પ્રાંતે પૂ. આચાર્યશ્રીના વરદ હસ્તે સં. ૧૯૮૮ના માગશર સુદ ૩ના દિવસે કેશરિયાજી તીર્થમાં દીક્ષા થઈ. પૂ. આ. શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી જયાનંદવિજયજી નામે ઘોષિત થયા. પૂ. ગુરુદેવશ્રીના સહવાસ દરમિયાન વૈયાવચ્ચ ભક્તિ તેમ જ કાશીના વિદ્વાન પંડિતો પાસે વિશેષ ન્યાયશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રાદિના અભ્યાસ કર્યા. ઉપરાંત, પૂ. ગુરુમહારાજ સાથે રહીને દરેક સૂત્રોના યોગોદ્વહન કર્યા. સં. ૨૦૦૭ના મહા સુદ પાંચમે સુરેન્દ્રનગરમાં ગણિપદ તથા સં. ૨૦૦૭ના વૈશાખ સુદ ૩ (અક્ષયતૃતીયા)ને દિવસે અમદાવાદમાં પંન્યાસપદથી અલંકૃત થયા. પૂ. આચાર્યદેવ શ્રી વિજયઉદયસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સં. ૨૦૨૧ના મહા સુદ ૩ને દિવસે ઠાઠમાઠથી જિનેન્દ્રભક્તિ મહોત્સવપૂર્વક ઉપાધ્યાયપદ અને મહા સુદ પાંચમને દિવસે આચાર્યપદ વરતેજ (ભાવનગર) મુકામે ખૂબ ધામધૂમથી પ્રદાન કરવામાં આવ્યાં.

પૂજ્યશ્રી વિજયજયાનંદસૂરીશ્વરજી મહારાજની વ્યાખ્યાનશૈલી ખૂબ જ સુંદર હતી. નાનામાં નાની વયના શ્રોતાને ઉચ્ચ સાહિત્યને અને ગહન વીતરાગવાણીને સરળ અને સાદી ભાષામાં સમજાવવા એ શૈલી સફળ અને સમર્થ હતી. અચ્છા શિક્ષકની અદાથી તેઓશ્રી શ્રાવક–શ્રાવિકાઓને ધર્મજ્ઞાન આપતા હતા. પૂજ્યશ્રી દીક્ષાપર્યાયના ૫૭મા વર્ષે તથા જીવનયાત્રાના ૭૪મા વર્ષે કાળધર્મ પામ્યા. ગુણાનુરાગી દૃષ્ટિ–વૃત્તિ, ભદ્રિકતા, સહનશીલતા આદિ ગુણોને લીધે પૂજ્યશ્રી શાસનસમ્રાટશ્રીના સમુદાયમાં અલગ તરી આવતા. કોટિ કોટિ વંદન હજો એ ગુરુદેવને! (સંકલન : મુનિશ્રી મહાયશવિજયજી).

## વ્યાકરણવિદ્યાવારિધિ, જ્યોતિર્વિદ્દિનમણિ, દર્શનસાહિત્યના મર્મજ્ઞ, સમર્થ કાવ્યરચનાકાર, સમતાના સાગર :

# પૂ. આચાર્યશ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ

ત્યાગ અને વૈરાગ્યની, જ્ઞાન અને સંસ્કારની, ધર્મ અને તપની, નમ્રતા અને પ્રસન્નતાની જીવતી–જાગતી મૂર્તિ એટલે પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ. જૈનશાસનના ઇતિહાસમાં અનેક વિભૂતિમત્તા પ્રકાશે છે તેમાં પૂજ્યશ્રીનું નામ પણ અવિચળ ઝળકે છે. તેઓશ્રીના સ્વાધ્યાય–તપથી પ્રાપ્ત થયેલા ધર્મ–જ્ઞાનના ગ્રંથો અને શાસનપ્રભાવનાથી ગૌરાઈને કરેલાં અગણિત ધર્મકાર્યો તેમની બહુમુખી પ્રતિભાના પરિચાયક છે. તેઓશ્રીનું મૂળ વતન ઝાલાવાડમાં મૂળી પાસેનું ખાટડી ગામ. પિતા શાહ પીતાંબરદાસ જીવાભાઈ ધંધાર્થે ભાવનગર આવી વસ્યા. એમનાં બીજાં પત્ની સાંકળીબેનનું ભાવનગરમાં પિયર હતું. સં. ૧૯૭૪ના ચૈત્ર

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વદ પાંચમને દિવસે સાંકળીબેનની કુક્ષીએ એક પુત્રરત્નનો જન્મ થયો. યથાનામગુણ બાળકનું નામ ધીરજલાલ રાખવામાં આવ્યું. માતા સાંકળીબેન બાળકના જીવનઘડતરમાં ખૂબ જ રસ લેતાં હતાં. પરંતુ દૈવયોગે એમનું દુ:ખદ અવસાન થયું. ધીરજની વય ત્યારે માત્ર આઠ વર્ષની હતી. માતાવિહોણા બાળક પર પિતાની અપાર પ્રીતિ હતી, પરંતુ તેઓ તેમના પર પૂરતું ધ્યાન આપી શકતા નહીં. પરિણામે ધીરજને તેમના મામા બેંગલોર લઈ ગયા. ત્રણેક વર્ષ બેંગલોરમાં રહીને ધીરજલાલ વતન પાછા આવ્યા ત્યારે પિતા પાલીતાણામાં રહેતા હતા. તેથી ધીરજને શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળમાં ભણવા મૂકયા. અને ત્યારથી બાળકની મનોવૃત્તિમાં વૈરાગ્યનાં અંકુરો ફૂટવા માંડયા. સં. ૧૯૮૫માં પૂ. પં. શ્રી અમૃતવિજયજી ગણિનો સમાગમ થતાં પિતા–પુત્રની વૈરાગ્યભાવના વધુ બલવત્તર બની. અને સં. ૧૯૮૮ના મહા સુદ ૧૦ને શુભ દિને જાવાલ ક્ષેત્રના ઉત્સાહી શ્રીસંઘના મહોત્સવ વચ્ચે પૂ. શાસનસમ્રાટશ્રીના આશીર્વાદ સાથે પિતા–પુત્રે દીક્ષા ગ્રહણ કરી. પીતાંબરદાસ મુનિશ્રી પુણ્યવિજયજી નામે પૂ. પં. શ્રી અમૃતવિજયજીના શિષ્ય બન્યા અને ધીરજલાલ મુનિશ્રી ધુરંધરવિજયજી નામે મુનિશ્રી પુણ્યવિજયજીના શિષ્ય જાહેર થયા. અને સાથે જ આગલાં વર્ષોમાં પૂ. મુનિવર ધર્મધુરંધર તરીકે સર્વત્ર પંકાઈ ગયા !

દીક્ષા પછી પૂજ્યશ્રીના મામાએ પોલીસ કેસ કરીને મોટું વિઘ્ન ઊભું કર્યું હતું. એવા વાતાવરણમાં યે તેઓશ્રી અડીખમ રહ્યા. ઊલટું, સંયમસાધના વધુ તીવ્ર બનતી ચાલી. એ સમય દરમિયાન અમદાવાદમાં ૩૪ દિવસનું ઐતિહાસિક મુનિસંમેલન યોજાયું. એમાં પૂજ્યશ્રીને અસંખ્ય ધુરંધર આચાર્યોના સહવાસમાં રહેવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો. એમાંયે પૂ. શાસનસમ્રાટશ્રીની સેવામાં રહેવાનો સુઅવસર પ્રાપ્ત થતાં તો તેઓશ્રી ધન્ય બની ગયા. પૂ. શાસનસમ્રાટશ્રી રત્નપારખુ હતા. તેઓશ્રીએ આ પ્રતિભાને પિછાણી અને એનો યોગ્ય વિકાસ થાય એવું આયોજન કર્યું. આચાર્યભગવંતો સાથે ચાતુર્માસ અને સંઘનાં આયોજનો થતાં રહ્યાં અને બીજી બાજુ આ મુનિવરનો અભ્યાસ પણ વિકસતો રહ્યો. બહુ ઓછા સમયમાં તેઓશ્રીએ પંડિત શશીનાથ ઝા પાસેથી નવ્ય ન્યાયના મુક્તાવલી પછીના માથુરી, પંચલક્ષણી, સિંહવ્યાઘ્ર, જાગદીશી, સિદ્ધાંતલક્ષણ આદિ ગ્રંથો, સાહિત્યમીમાંસાના ગ્રંથો, સંસ્કૃત મહાકાવ્યો આદિનું ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું. સંસ્કૃત ભાષા પર અનન્ય કાબૂ જમાવ્યો. સંસ્કૃતમાં પત્રલેખન અને કાવ્યરચના સહજ બની રહ્યા. પૂજ્યશ્રી સંસ્કૃતમાં સરળતાથી બોલી પણ શકતા હતા ! પરિણામે, પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીને ૧૭૫ શ્લોકોનું શિખરિણી છંદમાં રચેલું, અન્ય દૂતકાવ્યો સમું 'મરૂદ્દૂત' ખંડકાવ્ય રચી મોકલ્યું. આ સમયમાં જ તેઓશ્રીએ હેમચંદ્રાચાર્ય વિરચિત કાવ્યાનુશાસન અને શબ્દાનુશાસનનો ઊંડો અભ્યાસ કર્યો હતો, એટલે આ દૂતકાવ્યમાં તેઓશ્રીની કાવ્યકુશળતા ઉત્તમ રીતે નીખરી આવી. અધ્યયનપ્રીતિ તીવ્રતર હોવાથી સં. ૧૯૯૪ના ખંભાતના ચાતુર્માસ દરમિયાન પૂજ્યશ્રી અંગ્રેજી પણ શીખ્યા અને તોલ્સ્તોયની વાર્તાઓ અને શેકસપિયરનાં નાટકોનો અભ્યાસ કર્યો. આમ, ગુજરાતી, હિન્દી, પ્રાકૃત, સંસ્કૃત, મરાઠી, અંગ્રેજી આદિ અનેક ભાષાઓ પૂજ્યશ્રીને સહજસાધ્ય બની. અનેકાનેક મહાગ્રંથોના અધ્યયનથી તેઓશ્રીની પ્રતિભા પણ ફલવતી બની. પરિણામ સ્વરૂપ, પૂજ્યશ્રીએ શતાધિક

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રંથોની રચના કરી. જેમાં, શ્રી સિદ્ધહેમ–સરસ્વતી, લક્ષણવિલાસવૃત્તિ, સન્નિધવિનોદપંચદશી, નિહ્નવવાદ, નયવાદ, આત્મવાદ, દ્રવ્યાનુયોગની મહત્તા આદિ ન્યાય અને દર્શનના ગ્રંથો છે. ઇન્દુદૂતટીકા, સાહિત્યશિક્ષામંજરી, મયૂરદૂતમ્, શ્રી નેમિસ્તવ, શ્રી વર્ધમાન મહાવીરાષ્ટકમ્, સતીસૂક્ત ષોડષિકા, આત્મબોધપંચવિંશતિકા, પંચપરમેષ્ઠિ ગુણમાલા આદિ સંસ્કૃત કાવ્યસાહિત્યના ગ્રંથો છે. પરમાત્મ–સંગીતરસ–સ્રોતસ્વિની, શ્રી આદિજિન પંચકલ્યાણક પૂજા, વિચારસૌરભ, સ્વાધ્યાય–રત્નાવલિ, હિતશિક્ષાછત્રીસી, શંબલ, વિમર્શ, ઉન્મેષ, દર્શન, દર્પણ, માંડવગઢની મહત્તા, સજ્જનશતક આદિ ગુજરાતી ગ્રંથો છે. અર્ધશત પ્રકાશિત ગ્રંથો છે, તો એટલા જ અપ્રગટ ગ્રંથો પ્રગટ થવાની પ્રતીક્ષા કરી રહ્યા છે. એમાં આઠ સ્મરણની પાદપૂર્તિના પ્રકાશથી તો પૂજ્યશ્રીની અપ્રતિમ પ્રતિભાનો પરિચય મળી રહે છે. આમ, સતત વિહાર અને અનેક પ્રકારનાં ધર્મકાર્યો વચ્ચે પણ તેઓશ્રીએ દર્શનસાહિત્યનાં આ અગણિત ગ્રંથો લખીને આશ્ચર્ય ખડું કર્યું છે!

દીક્ષા થઈ ત્યારે માત્ર ૧૩ વર્ષના બાળમુનિ શ્રી ધુરંધરવિજયજી મહારાજમાં કોઈ વિશેષતા દેખાતી નહોતી. એકવડો બાંધો, ઘઉંવર્ણું સામાન્ય શરીર, સાવ મિતભાષી અને એકાકી પ્રકૃતિને લીધે સામાન્ય છાપ પડતી હતી. પરંતુ પૂજ્યપાદ ગુરુદેવશ્રીનો સહવાસ અને અન્ય આચાર્યદેવો પાસેથી માર્ગદર્શન પામીને સત્તરમા વર્ષે તો એક પ્રભાવશાળી મુનિવર તરીકે સમગ્ર સમુદાય પર અનોખી છાપ અંકિત કરી આપી. એ છાપ ઉત્તરોત્તર વિકસતી ચાલી. પૂજ્યશ્રીએ કરેલાં ગુજરાત–મુંબઈનાં મુખ્ય શહેરોનાં ૪૬ ચાતુર્માસ એના જીવતાં–જાગતાં પ્રમાણપત્રો છે કે તેઓશ્રીની ઉપસ્થિતિ હોય ત્યાં મહામહોત્સવપૂર્વક અંજનશલાકા, પ્રતિષ્ઠા, ઉપધાન, ઉદ્યાપન, સંઘયાત્રા આદિના અનેકાનેક ઉત્સવો ઊજવાયા જ હોય. આવી અપૂર્વ શાસનપ્રભાવનાના ફળસ્વરૂપ પૂજ્યશ્રીને સં. ૨૦૦૭ના કારતક વદ ૬ને દિવસે ગણિપદવી અને વૈશાખ સુદ ૩ (અક્ષયતૃતીયા)ને દિવસે પંન્યાસપદવી અર્પણ કરવામાં આવી. વિરલ એવો ભવ્ય ઉત્સવ મુંબઈ મુકામે સં. ૨૦૨૧ના મહા સુદ ૭ને સોમવારે ઊજવાયો હતો, જ્યારે પૂજ્યશ્રીને આચાર્યપદથી અલંકૃત કરવાનું ફરમાન શાસનશણગાર, ગીતાર્થગણમુકુટમણિ પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયઉદયસૂરીશ્વરજી મહારાજે અને પરમ શાસનપ્રભાવક જ્યોતિષશાસ્ત્ર પારંગત પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજે કર્યું. દસ દિવસ ચાલેલા આ મહોત્સવમાં અનેક પ્રકારના ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. વિશાળ સંખ્યામાં જૈન અને જૈનેતર મહાનુભાવોએ હાજરી આપી હતી. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીથી માંડીને અનેક મહાપુરુષોએ પૂજ્યશ્રીને અભિવાદન પાઠવ્યા હતા. આ પ્રસંગે ભારતભરના વિશિષ્ટ વિદ્વાનોએ અભિનવ આચાર્યશ્રીને ૧. વ્યાકરણવિદ્યાવારિધિ, ૨. સિદ્ધાંતભારતી, ૩. દર્શનચિંતામણિ, ૪. કવિશિરોમણિ અને ૫. જ્યોતિર્વિંદૂદિનમણિ જેવી ઉપાધિઓથી નવાજ્યા હતા.

આચાર્યદેવોના જીવનક્રમમાં સહજ બની ગયેલાં સામાન્ય કાર્યો તો પૂજ્યશ્રીની નિશ્રામાં થતાં જ રહેતાં હતાં. પરંતુ યથાનામ ધુરંધર કાર્ય ન થાય તો નામ દીપે નહીં. એવાં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કાર્યોમાં પૂજ્યશ્રીની દેખરેખ નીચે પાલીતાણામાં ગિરિરાજ શત્રુંજયની તળેટીમાં જૈન સંઘના ભવ્ય વારસાને દર્શાવતા અને શ્રમણપરંપરાના ભવ્ય ઇતિહાસની ઝાંખી કરાવતા ' કેસરિયા વીરપરંપરાપ્રાસાદ' નામે વિશાળ ચૈત્યનું નિર્માણ એ મુખ્ય છે. સખત અને સતત પરિશ્રમને પરિણામે હોય કે ગમે તેમ, સં. ૨૦૩૦થી પૂજ્યશ્રીની તંદુરસ્તી જોખમાઈ. કેન્સરનું નિદાન થયું. છતાં તેઓશ્રીની પ્રવૃત્તિઓમાં સહેજે શિથિલતા ન આવી. વ્યાધિ વધતો ચાલ્યો. ૨૦૩૩નું ચોમાસું અમદાવાદમાં હતા. ત્યાં વ્યાધિની વેદનાએ માઝા મૂકી. સં. ૨૦૩૪ના વૈશાખ માસ સુધી આ વ્યાધિની અશાતના સહન કરતા રહ્યા. વૈશાખ વદ ૧૨ને દિવસે શુક્રવારે આ તેજસ્વી તારક શાંતિ અને સમાધિપૂર્વક દિવ્ય-સૃષ્ટિમાં વિલીન થઈ ગયા. પરંતુ અપૂર્વ ગુણગરિમાથી ઓપતી તેઓશ્રીની યશઃકાયા તો યાવચ્ચંદ્રદિવાકરૌ અમર છે. ૬૦ વર્ષના અલ્પ આયુષ્યમાં ૪૭ વર્ષનો સુદીર્ઘ દીક્ષાપર્યાય પાળી, ૧૩ વર્ષના સૂરિપદપર્યાયમાં એક દૃષ્ટિમાં ન સમાય તેવાં અને તેટલાં વિવિધ અને વિશાળ કાર્યો કરી ગયા ! ઉત્તમ કોટિની સમતા, સમર્થ કોટિની વિદ્વત્તા, આદર્શ કોટિની સંયમ–સાધના–સ્વાધ્યાયપ્રીતિ–સર્જકતા–સત્સંગમગ્નતા આદિના અદ્ભુત ગુણોથી ઓપતી ભવ્ય જીવનયાત્રા પૂર્ણ કરી ગયા. પૂજ્યશ્રીની અંતિમ યાત્રામાં વિશાળ જનસમુદાયની ઉપસ્થિતિ, અગણિત ગુણાનુવાદ-સભાઓ, અસંખ્ય શોકાંજલિઓ આદિએ તેઓશ્રીની મહાનતાનાં દર્શન કરાવ્યાં. પૂ. મુનિશ્રી ધર્મવિજયજી, મુનિશ્રી મનોજ્ઞવિજયજી, પૂ. પં. શ્રી કુંદકુંદવિજયજી, પૂ. પં. શ્રી સિદ્ધસેન-વિજયજી, પૂ. પં. શ્રી ધર્મધ્વજવિજયજી, મુનિશ્રી હરિષેણવિજયજી, મુનિશ્રી વિદ્યાધરવિજયજી, મુનિશ્રી અમીવિજયજી આદિ શિષ્યપરિવાર અને તેઓશ્રીના પ્રશિષ્ય–પરિવારનો વિશાળ વારસો મૂકી ગયેલા આ આચાર્યભગવંતની શાસનસેવા અજરામર બની ચૂકી છે ! કોટિ કોટિ વંદન હજો એ શાસનપ્રભાવક શ્રી ગુરુભગવંતને !

### જૈનસાહિત્યના પ્રકાશનમાં અપૂર્વ રસ લઈ રહેલા પ્રભાવશાળી સૂરિવર

## પૂ. આચાર્યશ્રી વિજયપ્રિયંકરસૂરીશ્વરજી મહારાજ

પૂજ્યશ્રીનો જન્મ સં. ૧૯૭૦ના શ્રાવણ સુદ પાંચમ ને બુધવારે ગુજરાતના દહેગામ પાસે હરસોલી ગામે થયો હતો. તેમનું જન્મનામ પોપટલાલ હતું. પિતા નગીનદાસ ગગલદાસ મૂળ વડોદરા પાસે ડભોડાના વતની હતા, પણ ધંધાર્થે અમદાવાદ આવીને જૂના મહાજનવાડે રહેતા હતા. પોપટલાલે ગુજરાતી સાત ધોરણ અને અંગ્રેજી ત્રણ ધોરણ શેઠ મનસુખભાઈ ભગુભાઈની સ્કૂલમાં ધાર્મિક શિક્ષણ સાથે પૂરાં કર્યાં ત્યાં ચરિત્ર લેવાની ભાવના દૃઢ થઈ ચૂકી હતી. અભ્યાસ દરમિયાન જ દંડક, અતિચાર અને સ્નાત્રપૂજાનો અભ્યાસ પૂર્ણ ભાવના સાથે આત્મસાત્ કર્યો હતો. તેમની આ શુભ વૃત્તિનો સારો પ્રભાવ પડ્યો અને પિતાશ્રીએ તેમને રાજીખુશીથી સંયમ સ્વીકારવાની સંમતિ આપી. સં. ૧૯૮૯ના મહા સુદ ૧૧ને દિવસે મહામહોત્સવપૂર્વક



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org